



# ગઝલ

## ગૌરાંગ ઠાકર

**.1.**

જે મીજાજી સ્વભાવ રોકે છે,
કેટલા અણબનાવ રોકે છે!

આપણે શબ્દના ઉપાસક પણ,
મૌન વાણીનાં ઘાવ રોકે છે.

પ્રશ્ન તડકાનો ક્યાં છે; પણ અમને,
ઝાડનો આ ઝુકાવ રોકે છે.

લીલ તો જળનો કાટ છે અહીંયાં,
જે ઘડી જળ વહાવ રોકે છે.

પ્રેમ છે આરપાર દેખાશે,
કેમ તું હાવભાવ રોકે છે?

મૃત્યુથી ખાસ કૈં થયું નહીં, તો
શ્વાસની આવજાવ રોકે છે.
18-02-2017

## .2.

ઈચ્છુ હું ભીતરમાં મને દેખાય અરીસો,
તો ભીંત ઉપરથી આ ખસેડાય અરીસો.

પ્રતીબીંબ યથાવત એ અમુક હદ સુધી આપે,
દેખાય જો પડછાયા તો મુંઝાય અરીસો.

કહેવાતા અરીસા હવે બદલે છે અરીસાઈ,
માણસની ખુશામત કરી હરખાય અરીસો.

ફોડું તો હવે કેટલા ફોડું હું અરીસા.
એની જ મજા છે જો પચાવાય અરીસો.

બસ, થાય છે હું વૃક્ષ બની જાઉં કીનારે,
ને ઉર્ધ્વમુળે જોઉં હું જળમાંય અરીસો.

07-02-2018

## .3.

મણકે મણકા સ્થીર થયા છે,
તારાં પગલાં પીર થયાં છે.

જે જગ્યાએ તું મળતી'તી,
આજે ત્યાં મંદીર થયાં છે.

તારામાંથી તું ચાલી ગઈ,
તડકા પાછા તીર થયા છે.

આશીર્વાદ ફરે છે ઘરમાં,
મોભી સૌ તસ્વીર થયા છે.

આંસુથી બંધાયો છું જો,
જળ જાણે જંજીર થયાં છે.

દર્પણ તુટી કાચ થયું જ્યાં,
રુપ ઘણાં ગંભીર થયાં છે.

પડછાયાનાં પરસેવાથી
રસ્તા પણ તકદીર થયા છે.
16-12-2016

## .4.

હતી આમ તો એ ધીરજની ઉતાવળ,
બધા એ ગણાવી સમજની ઉતાવળ.

સમય રોજ નાહક વગોવાઈ ચાલ્યો,
ખરેખર તો છે આ સુરજની ઉતાવળ.

તમે નામ એનું જ વંટોળ રાખ્યું,
છે ઉડવાને માટે જે રજની ઉતાવળ.

બધા જેને નીષ્ફળતા કહેતા ફરે છે,
એ છે તો છે કેવળ ઉપજની ઉતાવળ.

જગત જેને 'મુર્ખાઈ'થી ઓળખે છે,
હકીકતમાં છે એ 'ગરજ'ની ઉતાવળ.

ઘણાંનાં હજી આંસુ લુંછી શકાશે,
જવા દઈએ કરવાની હજની ઉતાવળ.
07-03-2017

## .5.

આ પવન જ્યારથી ખુશ્બુ થશે, પોંખાઈ જશે,
બાકી વંટોળ ગણાશે ને વગોવાઈ જશે.

દરવખત જેવું થશે હાથ ઉઝરડાઈ જશે,
હાથથી તારો અનુભવ કશે મુકાઈ જશે.

ટોચ ભીંજાઈ જશે, ખીણ જળોટાઈ જશે;
શું થશે તારું તું ભીતરથી જો સુકાઈ જશે?

તું બધાથી જુદું બોલ્યો જ છે એ કારણથી,
જોઈ લેજે હવે જલ્દી ખીલે ઠોકાઈ જશે.

મ્હાલવા જાય છે; પણ મ્હાયલાને સાચવજે,
ઢાળ જોઈને એ જોજે બહુ હરખાઈ જશે.

કૈં જ આગળ ન થશે, જન્મ અને મૃત્યુ સીવાય;
અંક બીજો અને છેલ્લો જ છે, ભજવાઈ જશે.

11-03-2017

## .6.

કોણ આ બાગમાં દાતાર હતો?
મ્હેંક ફુલોનો પુરસ્કાર હતો.

પળમાં ફુટી ગયો એ પોતે તો,
પાણીમાં વાયુનો અવતાર હતો.

તારાં સ્મરણોનું ઘણું કામ રહ્યું,
મારે જે દીવસે રવીવાર હતો.

કાલથી આવી છે ડાહપણની દાઢ,

આજે ભીંજાવાનો નીર્ધાર હતો.

વીજ ચમકારમાં મોતી ન મળ્યું,
હુંય સરકારી અમલદાર હતો.

દાખલો જન્મનો લઈ લીધા બાદ,
દાખડો જીંદગીનો સાર હતો.

31-07-2018

## .7.

કબુતર ઉડ્યાં છે તો સાબીત થયું છે,
જગત ક્યાંકથી રક્તરંજીત થયું છે.

બગીચેથી એવું પ્રસારીત થયું છે,
આ ઝાકળ ફુલોથી વીવાહીત થયું છે.

આ પડછાયો મારો બને છાંયડો બસ,
મને સ્વપ્ન એવું અપેક્ષીત થયું છે.

વીરહ તો હતો ને ઉપેક્ષા ઉમેરાઈ,
જે ખંડીત હતું મન વીભાજીત થયું છે.

બધી ડાળ પર સાંભળ્યો જ્યારે કલરવ,
પછી ઝાડનું મન પ્રફુલ્લીત થયું છે.

પ્રથમ આંખ સૌની હું વાંચી ગયો છું,
પછી જે લખ્યું તે સુભાષીત થયું છે.
22-11-2010

## .8.

હું મને સૌનો ગણું એવું નથી,
તેથી કૈં તારા થવું, એવું નથી.

રાખ ખંખેરી ને અડકી તો જુઓ,
તમને એમાં ના મળું, એવું નથી.

તારા હું  ગમતા જગતમાં છું છતાં;
તું કહે એમ જ કરું, એવું નથી.

હું વીનયમાં ‘હા’ ભણી લઉં છું, કબુલ,
‘હા એ હા’ બધ્ધે ભણું, એવું નથી.

હુંય મોતી રાખું છું પેટાળમાં,
એકલો ખારો જીવું, એવું નથી.

કોઈપણ ઘડીએ કશું પણ માંગજો,
તુટતો તારો જ છું, એવું નથી.
10-03-2017

## .9.

પ્રથમ શબ્દને રક્તના કોષ મળશે,
તો કાવ્યોમાં શબ્દોને જયઘોષ મળશે.

હ્રદયની જ વાતો સીધીસટ લખી છે,
બને, ત્યાં તને વ્યાકરણદોષ મળશે.

અહીંયાં બધું હું ખરીદી ચુક્યો છું,
કહો, કઈ દુકાનેથી સંતોષ મળશે?

તને તારી સાથે રહીને લુંટી જાય,
કદી જો સફરમાં તને રોષ મળશે.

તું વાંચે સમાચાર, હું વાંચુ છું પુર્તી;
મને લાગે છે આપણા જોષ મળશે.
08-11-2017

## .10.

ખુબ બોલાચાલી થઈ કાગળ ઉપર,
શબ્દ પણ આવી ગયા, ચળવળ ઉપર.

છેવટે તડકા જ આવ્યા હાથમાં,
આપનું ભાષણ હતું, ઝાકળ ઉપર.

વાત પાણીદાર લાગી જેમની,
એમનો આશ્રમ હતો મૃગજળ ઉપર.

તારી સૌ લીલાને વંદન, પણ કહે;
બોલ, દીવો થાય, દાવાનળ ઉપર?

ચાલ ભીતરની કમાણી કર હવે,
કોઈ કરવેરો નથી, ઝળહળ ઉપર

ભાર ડુમાનો જ હોવો જોઈએ,
પત્ર પધરાવ્યા તો ડુબ્યા, જળ ઉપર

જે હતું, એ તો સમય પાસે હતું;
પણ ઉતાવળ છેક લઈ ગઈ, છળ ઉપર.

21-10-2017

## .11.

ક્યાંક સીદ્ધીમાં ન્હાય પરસેવો,
ક્યાંક જળમાં તણાય પરસેવો.

કામમાં આવી જાય પરસેવો,
નવરા હો; તોય થાય પરસેવો.

દુનીયા ઝાકળ કહે છે એને, પણ;
દોસ્ત, ખીલવામાં થાય પરસેવો.

ફક્ત ભીનું જ હોય તો સુકવું
બોલ, તડકે મુકાય પરસેવો?

ચમકે પરસેવાથી જ જીવન પણ,
તો શું? પહેરી ફરાય પરસેવો?

આજનો કાલે કામ લાગે છે
તેથી ભેગો કરાય પરસેવો?

આપ થોડો તો પાડો પરસેવો,

તો કવીનો કળાય પરસેવો.

06-06-2017

## .12.

કદાચ કાલે તમારે માથે, પડે જગતને ઉઠાડવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.
ધરાથી લઈ ને ગગન સુધીનું, તમારે અંધારું ખાળવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

કળી કળી ને ફુલો બનાવી, સુગંધ એમાં પછી ઉમેરી, અને તમારે ઉપરથી અહીંયાં,
બધાં જ પંખીની ચાંચ માટે, કશુંક ચણવા ઉગાડવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

સુરજ સમયસર ઉગાડવાનો, અને સમયસર ડુબાડવાનો, નહીં કરો તો નહીં જ ચાલે,
અને બીજું કે તમારે સાંજે, ગગનને રંગોથી રંગવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

દરેક બાળકનાં સ્મીતમાં જઈ, દરેક માતાની આંખમાં રહી, તમારે હાજર થવું જ પડશે;
પછી તમારે બધાંની અંદર, વહાલ થઈ ને રહી જવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

પ્રથમ તમારે હવા ને અહીંયાં બનાવવાની છે – શ્વાસ સૌનો, પછીથી શ્રદ્ધા જીવાડવાની,
તમે જ બોલો, થશે બધું આ? નહીં તો છોડો પ્રભુ થવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

20-05-2016

(દરેક ગઝલની નીચે આપેલી તારીખ, તે રચનાની જન્મતારીખ છે.)

ગૌરાંગ ઠાકર


કવીસંપર્ક:

Gaurang-Charu Thaker,

A/401, Senktum Homes, Near Pal R.T.O., Opp: J.K. Motors, PAL-Surat-395 009

Mobile : 98257 99847 eMail : gaurangthaker1989@gmail.com

@@@




(કવીના ત્રીજા ગઝલસંગ્રહ : 'કોઈ હૈયામાં ગયું લાગે છે'માંથી સાભાર)

@

## કવીનું સર્જન:

**પ્રથમ** ગઝલસંગ્રહ: મારા હીસ્સાનો સુરજ' પ્રકાશક અને વીક્રેતા: પોતે (સરનામુ: ઉપર મુજબ), પ્રથમ આવૃત્તી: 2006, પૃષ્ઠ: 68, કીમત: 50 રુપીયા

**બીજો** ગઝલસંગ્રહ: 'વહાલ વાવી જોઈએ' પ્રકાશક અને વીક્રેતા: 'સાહીત્ય સંગમ', બાવા સીદી, પંચોલીની વાડી સામે, ગોપીપરા, સુરત: 395 001, ફોન: 0261-259

7882, 0261-259 2563, પ્રથમ આવૃત્તી: 2010, પૃષ્ઠ: 80, કીમત: 60 રુપીયા

**ત્રીજો** ગઝલસંગ્રહ: 'કોઈ હૈયામાં ગયું લાગે છે'

પ્રકાશક : ઈમેજ પબ્લીકેશન પ્રા. લીમીટેડ, ગોપાલભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુમ્બઈ-400 002
ફોન : +91 22 2200 2691; 2200 13588
1-2, અપર લેવલ, સેંચુરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ-380 006
ફોન : +91 79 2656 0504; 2644 2836 ઈ.મેલ : **imageabad1@gmail.com**
Visit us on : **http://suresh-dalal.in** પ્રથમ આવૃત્તી: ડીસેમ્બર, 2018, પૃષ્ઠ: 12+83,
કીમત: 125 રુપીયા

@

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: **ચૌદમું** – અંક : 424 – April 14, 2019

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન: શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,62,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 1,23,70,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 10,70,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
More than 13,03,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@